# મોડાસા બહુમાળી ભવનના ભ્રષ્ટ્રાચારી ધવલની તપાસ જરૂરી

## દિવાળી આવતાં ઉઘરાણું શરૂ કર્યું - એ.સી.બી. તપાસ કરે તો વિસ્ફોટ થશે

હિંમતનગર તા.૨૮

દિપાવલીનું પર્વ નજીક આવતાં કેટલાંક સરકારી બાબુઓ અને તેમના હાથ નીચેના કર્મચારીઓએ ઉઘરાણાં આદરી ખુલ્લેઆમ લૂંટ શરૂ કરી છે ત્યારે મોડાસાના સરકારી બહુમાળી ભવનના ભ્રષ્ટ્રાચારી ધવલની તપાસ થાય તો અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી શકે છે. દિવાળી નજીક આવતાં ધવલે ચાર તાલુકાના પ્રવાસ ખેડી ધંધાદારીઓ પાસેથી મોટું ઉઘરાણું કર્યું છે અને પછી એકાદ બે ને સાચવવા માટે કવર તૈયાર કર્યા પરંતુ સીસીટીવી કેમેરામાં ઘટનાક્રમ કેદ થઈ ગયાની લોકચર્ચા છે. આ સંજોગોમાં એ.સી.બી. તપાસ કરે તો દિવાળી સમયે ઉઘરાણું કરતાં ધવલ અને તેના મળતિયાઓની મોટી ચેનલનો પર્દાફાશ થઈ શકે છે.

જિલ્લામાં કોરોના પછી પણ અનેક ધંધા-રોજગારમાં કોઈ મંદી આવી નથી ત્યારે મોડાસા બહુમાળી ભવનમાં ફરજ બજાવતાં ધવલ નામના કર્મચારીએ છેલ્લા ૨૦ દિવસથી મુલત્વી રાખી માત્ર ને માત્ર ઉઘરાણાં શરૂ કર્યા છે. લોકચર્ચા તો એવી છે કે ધવલ રૂા. ૧ લાખ ઉઘરાવીને તેના સાહેબને રૂા. ૧૦ હજાર આવ્યાના આંકડા કોડવર્ડમાં આપી રહ્યો છે. એક પછી એક અસંખ્ય ધંધાદારીઓ પાસેથી ક્યારેક ખાનગી વાહન તો ક્યારે સરકારી વાહનનો ઉપયોગ કરી અધધધ રકમનું ઉઘરાણું કર્યાની ચર્ચા બહુમાળી ભવનના ગ્રાઉન્ડ ફલોર વિસ્તારમાં લોકમુખે સાંભળવા મળી રહી છે. તાજેતરમાં રાજ્ય સરકારે ભ્રષ્ટ સરકારી બાબુઓ મીઠાઈના પેકેટ લેનારા બાબુઓ ઉપર એ.સી.બી.ની વોચ રહેશે તેવી જાહેરાત કરી છે પરંતુ ભ્રષ્ટ્રાચારની ગંગોત્રીમાં અવિરત સ્નાન કરતા ધવલને એ.સી.બી. અને સરકારનો પણ ડર નથી. ધવલના છેલ્લા ૧૫ દિવસના મોબાઈલની કોલ ડિટેઈલ્સ મેળવવામાં આવે તો ધનવાન બનેલા ધવલનો પરપોટો ફૂટવાની સાથે અન્ય અધિકારી અને સરકારી બાબુઓના પગ તળેથી ધરતી ફસકી જાય તેમ છે. આવનારાં દિવસોમાં બહુરુપિયો ધવલ એ.સી.બી.ના સકંજામાં ન આવે તો નવાઈ. જ્યારે ધવલના ઉઘરાણાંથી ત્રાસેલા કેટલાંક એકમોના માલિકો આ અંગે સરકાર અને સ્ટેટ એ.સી.બી.ને પણ ફરીયાદ કરે તેવી સંભાવના બળવત્તર બની છે.

# પુષ્ય નક્ષત્ર : સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જવેલર્સના ત્યાં ૭ કરોડનો વેપાર

## દિપાવલી અગાઉ ઝવેરી બજારમાં ઝગમગતી દિપાવલી

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના બજારમાં ગુરૂવાર પુષ્ય નક્ષત્ર હોવાથી રૂપિયા ૭ કરોડથી વધુનો સોના-ચાંદી, પ્લેટીનમ ઝવેરાતનો વેપાર થતાં દિપાવલી અગાઉ ઝવેરી બજારમાં ઝગમગતી દિપાવલી જોવા મળી. ઝવેરી બજારમાં દિવસ દરમિયાન ધૂમ ઘરાકીથી વેપારીઓ ઉત્સાહિત થયા હતા. આગામી દિવસોમાં અન્ય ધંધા-રોજગારમાં પણ તેજી આવવાની સંભાવના વધી ગઈ છે.

કોરોનાના કારણે ગતવર્ષે દિપાવલીનું પર્વ એકંદરે નિરસ રહ્યું. ઝવેરીઓ પણ ગતવર્ષના નબળા વેપારથી નાસીપાસ થયા હતા. પરંતુ અંધકાર પછી ઉજાસની જેમ નવરાત્રીના એક સપ્તાહ અગાઉ જિલ્લાના બજારમાં ઘરાકી જામી છે. રાજ્ય સરકારે કર્મચારીઓના પગાર વહેલા કર્યા, ખેડૂતોને સારૂં પાક ઉત્પાદનને બજારમાં માલ ઠાલવ્યા પછી પૈસા પણ ઝડપથી મળતાં બજારમાં ઘરાકીને જોમ મળ્યું છે. જિલ્લાના હિંમતનગર,



મોડાસા, ઈડર, તલોદ, પ્રાંતિજ, બાયડ, ભિલોડાના બજારમાં સવારથી જ ઘરાકી જામે છે જે માંડી રાત સુધી દુકાનોમાં ખરીદીનો ધમધમાટ જોવા મળે છે. ઝવેરી બજાર પણ સારી ઘરાકી માટે આતુર હતું ત્યારે ગુરૂ પુષ્ય નક્ષત્ર અગાઉથી કરોડની કિંમતના ઝવેરાત અનેક પરીવારોએ બૂક કરાવ્યા. ખેડૂત તેમજ કર્મચારી વર્ગ પણ ગુરૂ પુષ્ય નક્ષત્રમાં સોનુ ખરીદવું શુકનવન્તુ હોવાનું માની સવારથી ઝવેરી બજારમાં ખરીદવા માટે આવતા અનેક ઝવેરીની દુકાનો કોરોના પછી પ્રથમવાર વધુ ઘરાકીના કારણે સાંકડી જોવા મળી અનેક ઝવરીઓએ પોતાના કાયમી ગ્રાહકોને સાચવવાની સાથે ઘડામણમાં સારૂં એવું ડિસ્કાઉન્ટ આપી ઝવેર બજારના વેપારને ગતિ આપવાના પ્રયાસમાં સફળ રહ્યા હતા. જિલ્લાના નામાંકિત ઝવેરીઓએ જણાવ્યું કે વર્ષ ૨૦૧૯ પછી પ્રથમ વાર ઝવેરી બજારમાં વધુ ઘરાકી જોવા મળી. મોટાભાગના પરીવારોએ સોના-ચાંદીના તૈયાર દાગીના ખરીદવાને બદલે સોના-ચાંદીની લગડીઓ ખરીદવામાં વધુ રૂચિ રાખી છે. ગુરુ પુષ્ય નક્ષત્રના દિવસથી ઝવેરી બજારમાં દેખાયેલી ઘરાકી નવેમ્બર-ડિસેમ્બર સુધી જળવાઈ રહેવાની ધારણા છે. અનેક ઝવેરીઓએ મહિલા ગ્રાહકોને અવનવી વેરાઈટીના પર્સ અને બેગ આપીને ખુશ કર્યાનું પણ જાણવા મળ્યું છે. જિલ્લામાં એક અંદાજ અનુસાર રૂપિયા ૭ કરોડથી વધુના સોના-ચાંદીના ઘરેણાંનો વેપાર થતાં સરકારની તિજોરીને પણ જીએસટીની આવકથી ફાયદો થઈ રહ્યો છે.

# પ્રજા પછી મૂંગા પશુઓ પણ ડેન્ગ્યુની ઝપેટમાં

## બાયડમાં દૂધાળા પશુઓમાં ડેન્ગ્યુનો વકરતો રોગચાળો, ૩ થી વધુ પશુના મોતની આશંકા

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૨૮

બાયડ તાલુકામાં પ્રજા પછી મૂંગા પશુઓ પણ ડેન્ગ્યુની ઝપેટમાં આવી જતાં પશુપાલકોની ચિંતા વધી છે બાયડ સહિત ગ્રામ્ય વિસ્તારમાં રોડ ઉપર રખડતાં તેમજ તબેલામાં સચવાતાં કેટલાંક પશુઓના શરીરનું તાપમાન ઉંચકાયા પછી તરફડી... તરફડી... મોતને ભેટી રહ્યા છે. તાલુકામાં ૨ દિવસમાં ૩ થી વધુ પશુઓના શંકાસ્પદ ડેન્ગ્યુથી મોત થયાની આશંકા છે.

બાયડ તેમજ તેના કેટલાંક ગ્રામ્ય વિસ્તારોમાં ગંદકીનું પ્રમાણ ભયજનક રીતે વધતાં એડિસ મચ્છરોએ હાહાકાર મચાવ્યો છે. બાયડ તાલુકામાં ૨૫૦ થી વધુ શંકાસ્પદ ડેન્ગ્યુના કેસ હોવાની આશંકા વચ્ચે બાયડના સોસાયટી વિસ્તારના ૩ દર્દીઓની ડેન્ગ્યુના કારણે તબિયત વધુ કથડતાં અમદાવાદ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. બાયડના અનેક તબીબોએ એડિસ મચ્છરોનો ઉપદ્રવ વધતાં ચિંતા અને ગંભીરતા વ્યક્ત કરી છે અને કેટલાંક વિસ્તારોમાં ચિકનગુનિયાએ હાહાકાર મચાવાની શરૂઆત કરી છે ત્યારે એડિસ મચ્છરો મૂંગા પશુઓને ડંખ મારીને બીમાર કરી રહ્યા છે. આમ તો મૂંગા પશુઓમાં મચ્છરજન્ય રોગચાળો વકરે તેવું જવલેજ માનતુંહોય છે પરંતુ તાજેતરમાં બાયડમાં દૂધાળા પશુઓ બીમાર થયા, તરફડીયા મારવા લાગ્યા અને ત્યારબાદ ખાનગી પશુ ચિકીત્સકની મદદ લેતાં તરફરડીયા ખાતા પશુના શરીરનું તાપમાન ભયજનક રીતે ઉંચકાયેલું જોવા મળ્યું અને આ તમામ લક્ષણો શંકાસ્પદ ડેન્ગ્યુના કેસનું હોવાનું અનુમાન છે. દૂધાળા પશુઓને ડેન્ગ્યુ થયો હોય અને તેનું દૂધ આરોગવાથી ડેન્ગ્યુ થાય..! તેને લઈને પણ દૂધ ખરીદનારા અનેક લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં એક્સપાયરી ડેટ મુદ્દે મીઠાઈના વેપારીઓમાં નારાજગી

## સરકાર દ્વારા નિયમમાં સ્પષ્ટતા કરવામાં આવે તેવી માંગ

હિંમતનગર તા.૨૮

૧ ઓક્ટોબર, ૨૦૨૦ થી મીઠાઈની એક્સપાયરી ડેટ કાઉન્ટર ઉપર લખવાના નિયમનો અમલ શરૂ થયો છે. જેને કારણે વેપારીઓમાં ચણભણાટ શરૂ થયો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના મીઠાઈના વેપારીઓમાં પણ નવા નિયમ મુદ્દે નારાજગી પ્રવર્તિ રહી છે. એક તરફ લૉકડાઉનના ૧૮ મહિના પછી હવે દિવાળી પર્વ નજીક આવતાં મીઠાઈ બજારમાં ધીમા પગલે ઘરાકી શરૂ થઈ છે અને જો તારીખ લખાય તો તૈયાર મીઠાઈ ટૂંકમાં જ ફેંકી દેવી પડે તેવી સ્થિતિ ઉભી થાય તેમ છે જેથી સરકાર દ્વારા નિયમ બાબતે સ્પષ્ટતા કરવામાં આવે તેવી વેપારીઓ માંગ કરી રહ્યા છે.

જિલ્લામાં કોરોના કાળ અને ત્યાર પછી લૉકડાઉનના કારણે મંદીનો માર સહન કરી રહેલા વેપારીઓએ હવે મીઠાઈના પેકેટ ઉપર એક્સપાયરી ડેટ લખવાની ફરજ પડી છે જેથી બેહાલ મીઠાઈના ધંધાને વધુ ફટકો પડવાની સંભાવના છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૫૦૦ થી વધુ વેપારીઓ મીઠાઈ અને ફરસાણના વેપાર સાથે સંકળાયેલા છે. સામાન્ય રીતે નવરાત્રિ થી દિવાળી સુધીના દિવસોમાં મીઠાઈ, ફરસાણની દુકાનોમાં તેજી જોવા મળતી હોય છે તેમાંય હવે જાહેર હીતને ધ્યાને લઈ ખુલ્લી મીઠાઈઓ ઉપર વેપારીઓએ એક્સપાયરી ડેટ ફરજીયાત લખવાનો નિયમ અમલમાં આવ્યો છે જેના કારણે ગ્રાહકોને કઈ મીઠાઈ ક્યારે બની છે, ક્યારેક પેક થઈ છે અને ક્યાં સુધી ખાવા લાયક રહી શકે છે તેની માહિતી મળી શકશે જો કે પ્રજાના આરોગ્યની ચિંતા કરી લેવાયેલ નિયમમાં સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે તેવું બંન્ને જિલ્લાના મીઠાઈના વેપારીઓ માંગ કરી રહ્યા છે.

# બાયડની વલ્લભનગર પ્રાથમિક શાળામાં લીઓ ક્લબ દ્વારા પ્રજ્ઞા વર્ગ ખુલ્લો મુકાયો

## ગરીબ પરીવારના બાળકોને સચિત્ર અભ્યાસ કરવાની તક મળશે

હિંમતનગર તા.૨૮

બાયડની વલ્લભનગર પ્રા. શાળામાં ધોરણ-૧-૨ માં અભ્યાસ કરતાં બાળકો ભીંત ઉપર લગાવેલા સચિત્ર ઉપરથી અભ્યાસ કરી શકે તે માટે લાયન્સ ક્લબ બાયડના લાયન્સ-લીઓ ક્લબ-બાયડ દ્વારા અનેક સેવાકીય કાર્યોની સાથે શાળાઓમાં કન્યા કેળવણી સહિતના કાર્યક્રમોમાં સહભાગી બની સમાજ પ્રત્યેનું દાયિત્વ સુપેરે નિભાવવાનો પ્રયાસ કર્યો છે. પટેલ અને તેમની યુવાટીમે બાયડના ભૂખેલ રોડ ઉપર આવેલી વલ્લભનગર પ્રા.શાળામાં પ્રજ્ઞાવર્ગના નિર્માણ માટે આર્થિક સહયોગ આપ્યા પછી યોગ્ય રીતે વર્ગખંડ તૈયાર થઈ જતાં ગત



માર્ગદર્શન હેઠળ લીઓ ક્લબ બાયડ દ્વારા પ્રજ્ઞા વર્ગ ખુલ્લો મુકાતાં બાળકો, વાલીઓ અને શાળાના શિક્ષકોમાં ખુશાલી જોવા મળી. જ્યારે બાળકો પ્રત્યક્ષ શિક્ષણ માટે શાળામાં આવશે ત્યારે પોતાના વર્ગખંડના નવા કલેવરને જોઈ ખુશીઓથી ઝૂમી ઉઠશે.

છેલ્લા કેટલાંય સમયથી અત્યંત ગરીબ પરીવારમાંથી આવતાં બાળકોને શાળાઓમાં શિક્ષકો દ્વારા ગુણવત્તા યુક્ત શિક્ષણ આપવામાં આવે છે પરંતુ પ્રજ્ઞા વર્ગોને ચિત્ર દ્વારા આદર્શ વર્ગખંડ બનાવી દેવામાં આવે તો બાળકો વધુ ઉત્સાહથી ગમ્મત સાથે અભ્યાસ કરે તેવા ઉદ્દેશ્યથી લીઓ ક્લબ-બાયડના પ્રમુખ ઋગ્વેદ રોજ પ્રજ્ઞાવર્ગ ખુલ્લો મુકવામાં આવ્યો. લીઓ ક્લબ-બાયડની ઉમદા કામગીરી બદલ શાળાના મુખ્ય શિક્ષક નીતાબેન ઉપાધ્યાય તથા શાળા સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમ સમયે લીઓ ટ્રેઝર અલ્પેશ આર. રાઠોડ સહિત આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શિયાળાનો પગરવ શરૂ થયો ત્યાં તળાવોમાંથી પાણી ઓસરવા લાગ્યાં

## ભૂગર્ભ જળસ્ત્રોત ઉંડાં ઉતરી રહ્યાં છે, ચિંતા વધી

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૨૮

જિલ્લામાં છેલ્લા ૪ દિવસથી પરોઢે શીતવાયરાથી શિયાળાનો પગરવ શરૂ થયો છે. ત્યારે તળાવોમાંથી પાણી ઓસરવા લાગતાં ગ્રામ્ય વિસ્તારના પશુપાલકો, માલધારીઓ ચિંતિત બન્યા છે. જે રીતે પાણી ઓસરવાની શરૂઆત થઈ છે તે જોતાં ઓક્ટોબરના અંતમાં મોટાભાગના તળાવોમાં માંડ ૩૦ થી ૪૦ ટકા પાણીનો જથ્થો હશે જેના કારણે શિયાળાના આરંભે જ મૂંગા પશુઓ માટે પીવાના પાણીનું સંકટ મંડરાઈ શકે છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ વર્ષે ચોમાસા દરમ્યાન ઓછો વરસાદ વરસ્યો પરંતુ અરવલ્લી જિલ્લામાં ગત વર્ષ કરતાં સરેરાશ ૩૫ ટકા જેટલી વરસાદની ઘટ આગામી ઉનાળા દરમ્યાન મુશ્કેલી ઉભી કરી શકે છે. અરવલ્લી જિલ્લામાં મોસમનો સરેરાશ ૬૨.૬૫ ટકા અને સાબરકાંઠામાં ૭૧.૯૯ ટકા વરસાદ વરસ્યો છે જેના કારણે જળાશયોમાં સરેરાશ ૬૪ ટકા પાણીનો જથ્થો છે અને અનેક તળાવો માત્ર ૫૦ ટકા ભરાયા હતા પરંતુ ત્યાર પછી ચોમાસાની વિદાય થઈ અને હવે શિયાળો જામશે તેવું જણાઈ રહ્યું છે. ઓક્ટોબરનો અંત આવે તે અગાઉ અનેક તળાવોમાંથી પાણી અદ્રશ્ય થયાં છે.

આજ સ્થિતિમાં પાણીનું બાષ્પીભવન થતું રહેશે તો ડિસેમ્બરના અંતમાં તમામ ચેકડેમ, તળાવ ખાલીખમ થઈ જશે જેના કારણે મૂંગા પશુઓ માટે પીવાના પાણીનું સંકટ ઉભું થઈ શકે છે..?? જે રીતે તળાવોમાંથી પાણી સૂકાઈ રહ્યું છે તે જોતાં ભૂગર્ભ જળસ્ત્રોત ભયજનક રીતે ઉંડાં ઉતરતા હોવાની પણ આશંકા છે. જિલ્લાના સિંચાઈ વિભાગના સૂત્રોનું માનીએ તો આ વર્ષે ગત વર્ષ કરતાં ઓછા વરસાદના કારણે મોટાભાગના તળાવ છલકાયા નથી.

# આરોપી કોર્ટમાં હાજર ન હોવાથી બિનજામીન લાયક વોરંટ કાઢવાનો હુકમ

## બાયડ કોર્ટે ચેક પરત ફરવાના કેસમાં ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી : એડવોકેટ વી.ડી.ચૌધરીની ધારદાર દલીલો

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૨૮

બાયડ કોર્ટે ચેક પરત ફરવાના કેસમાં બાયડ તાલુકાના ફતાજીના મુવાડાના આરોપી ઈન્દ્રવિજયસિંહ બાલુસિંહ સોલંકીની તકસીરવાર ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા તેમજ દંડની સજા ફટકારી છે. ફરીયાદ પક્ષે ઍડવોકેટ વી.ડી.ચૌધરીએ ધારદાર દલીલ કરી હતી. એક પછી એક પરત ફરવાના કેસમાં બાડ કોર્ટ દ્વારા સજા સંભળાવાતા આરોપીઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડની ગિરિરાજ સોસાયટીમાં રહેતા અને લેક્ચરર તરીકે ફરજ બજાવતાં હિતેશ હેમરાજભાઈ દેસાઈએ ફતાજીના મુવાડાના ઈન્દ્રવિજયસિંહ સોલંકી સાથે પરીચયમાં આવ્યા હતા અને વર્ષ-૨૦૧૯માં રૂા.૬૦ હજાર ની જરૂર હોવાથી તેમને આપ્યા હતા અને તેઓએ બેંક ઓફ બરોડા બાયડ શાખાનો ચેક આપ્યો હતો પરંતુ અપૂરતા બેલેન્સના કારણે ચેક પરત આવ્યો હતો અને ત્યાર પછી પણ પૈસા ન આપતાં ફરીયાદીએ તેમના ઍડવોકે વી.ડી.ચૌધરી મારફતે બાયડ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. સદર કેસ બાયડ કેસ બાયડ કોર્ટમાં ચાલી જતાં આરોપી ઈન્દ્રવિજયસિંહ સોલંકીને ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે દોષી ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૩૦૦૦ નો દંડ અને દંડ ન ભરે તો ૧ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે તેમજ આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૫૭ અન્વયે ફરીયાદીને ચેકની રકમ રૂા.૬૦ હજાર વળતર તરીકે ચુકવવાનો આદેશ કર્યો છે. જ્યારે ચુકાદો કોર્ટમાં જાહેર થયો ત્યારે આરોપી અદાલતમાં હાજર ન હોવાથી આરોપી વિરુદ્ધ બિનજામીન લાયક વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવ્યો છે.

# હાશ સર્પોથી રાહત : અરવલ્લીમાં ગત વર્ષ કરતાં આ વર્ષે સર્પદંશના બનાવ ઘટ્યા

## સર્પોનો ઉપદ્રવ વધતાં સર્પમિત્રોની રોજ દોડાદોડી

અરવલ્લી જિલ્લામાં ચોમાસાના આરંભથી જ સર્પોનો ઉપદ્રવ અનેક ગણો વધી ગયો છે. બિનઝેરી સાપ કરતાં ઝેરી સર્પોનો રાફડો ફાટ્યો હોય તેવી સ્થિતિ વચ્ચે ગત વર્ષ કરતાં આ વર્ષે સર્પદંશના બનાવ ઘટ્યા છે. જિલ્લા આરોગ્ય વિભાગનું માનીએ તો ગત વર્ષે આ સીઝન દરમ્યાન સર્પદંશના ૧૩૬ બનાવ નોંધાયા હતા જેની સામે આ વર્ષે માત્ર ૫૮ બનાવ નોંધાયા છે. જિલ્લામાં દૈનિક ૫ થી ૭ વિચરતા સર્પોને પકડીને સલામત જગ્યાએ છોડવાની કામગીરી સર્પમિત્રો સૂપેરે નિભાવી રહ્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં મોટાભાગે કોબ્રા પ્રજાતિના ઝેરી સર્પ વધુ હોવાની વિગતો ચર્ચાય છે પરંતુ આશ્ચર્ય વચ્ચે સ્નેકબાઈટના બનાવ ઘટતાં પ્રજા તેમજ ખેડૂતોએ રાહત અનુભવી છે. આરોગ્ય વિભાગ સર્પદંશના બનાવ ઘટ્યા હોવાનું જણાવી રહી છે ત્યાં સર્પોના વધેલા ઉપદ્રવમાં સર્પમિત્રોની દોડાદોડી યથાવત રહી છે.

આંતરા ચિતરાના તાપ સમયે રાફડામાં રહેતા સર્પોના શરીરમાં જરૂર કરતાં વધારે ગરમી ઉત્પન્ન થતી હોય છે. જ્યારે ચોમાસામાં દરમાં પાણી ભરાઈ જતાં હોવાથી ઉનાળામાં તેમજ ચોમાસામાં સર્પોનો ઉપદ્રવ અનેક ગણો વધી જતો હોય છે. ચોમાસાની સીઝનમાં તો રાફડો ફાટતો હોવાથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં રોજ સાપ નિકળવાની ઘટનાઓ સામે આવતી હોય છે. જિલ્લામાં આ વર્ષે ચોમાસાના આરંભથી જ સર્પોનો ઉપદ્રવ તમામ વિસ્તારોમાં વધ્યો છે. અરવલ્લી જિલ્લાની ગીરીમાળાઓમાં વસવાટ કરતા ગ્રામ્ય વિસ્તારોમાં તો હમણાંથી ઝેરી કોબ્રા વધુ દેખાઈ રહ્યા છે. સર્પોની માનવ વસતીમાં અવર જવરના કારણે સર્પદંશના બનાવો દર વર્ષે નોંધાતા હોય છે પરંતુ આ વર્ષે સર્પોનો કોપ શાંત થયો હોય તેમ દંશ મારવાના બનાવ ઘટ્યા છે. અરવલ્લીમાં ગત વર્ષે ૧૩૬ સર્પદંશના બનાવો નોંધાયા હતા પરંતુ આ વર્ષે પાછલા વર્ષોની તુલનાએ ઝેરી સર્પોનો આતંક અનેક ગણ્યો વધ્યો હોવા છતાં માત્ર ૫૮ સર્પદંશના બનાવ આરોગ્ય વિભાગના દફતરે નોંધાયા છે.



બાયડ તાલુકા ની દેરોલી હાઈસ્કુલ ખાતે લાયન ડો મહેન્દ્રભાઈ એસ. પટેલ (સંજીવની હોસ્પિટલ બાયડ) તથા લાયન્સ પ્રમુખ નરેશચંદ્ર એલ પરમાર ના સહયોગથી જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કૂલ ડ્રેસ નું વિતરણ કરવામાં આવ્યું આ પ્રસંગે લાયન્સ ક્લબના પ્રમુખ નરેશ ચંદ્ર પરમાર મંત્રી દેવચંદ પરમાર તથા એડિશનલ સેક્રેટરી અતુલભાઈ જોશી તેમજ ડિસ્ટ્રિક્ટ ચેરમેન કમલેશભાઈ પટેલ તથા ભુપતસિંહ સોલંકી અને ગામ આગેવાનો તેમજ શાળાના આચાર્ય રજાકભાઈ મનસુર તથા સ્ટાફ હાજર રહ્યા હતા